B.M.SHAH MAHAVIDYALAYA Dist.PATAN ZILIA-384225

c/157

# જોઈએ છે

ગાંધી આશ્રમ ઝીલીઆ સંચાલીત અને હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિવર્સિટી પાટણ સંલગ્ન બા.મ.શાહ મહાવિદ્યાલય, ઝીલીઆમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા તારીખ ૧૨/૧૧/૨૦૨૦ના રોજ મળેલ એન.ઓ.સી. ક્રમાંક ગ્રા.વિ./NOC/૨૦/૯૨૭–૩૦ મુજબ નીચે મુજબના સ્ટાફની ભરતી માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | શૈક્ષણિક લાયકાત | કેટેગરી | વય મર્યાદા | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગ્રંથપાલ | ૧ (એક) | સ્નાતક અને બી.લીબ. પ્રથમ વર્ગ એમ.લીબ.ને પ્રથમ પસંદગી | બીન અનામત | ૧૮ થી ૩૫ વર્ષ | પ્રથમ પાંચ વર્ષ માટે ફીકસ પગાર |
| ૨ | ગૃહપતિ | ૧ (એક) | સ્નાતક – બી.આર.એસ.ને પ્રથમ પસંદગી | બીન અનામત | ૧૮ થી ૩૫ વર્ષ | પ્રથમ પાંચ વર્ષ માટે ફીકસ પગાર |

વધુ વિગત તેમજ લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ અને ગ્રામવિદ્યાપીઠના કર્મચારીઓ માટેની આચાર સંહિતા તેમજ અન્ય નિયમો સંસ્થાની વેબસાઈટ **bmmvzilia.org** પરથી સંપૂર્ણ વિગતો ધ્યાને લઈ અરજી કરવાની રહેશે. **(અગાઉ અરજી કરેલ હોય તો પણ ફરીથી અરજી કરવાની રહેશે.)**

સંબંધિત જગ્યાને અનુરૂપ શૈક્ષણિક લાયકાત અને નિયત ઉંમર ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન ૧૦ માં તમામ પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ સાથે રજીસ્ટર એ.ડી. થી નીચેના સરનામે અરજી કરવાની રહેશે. સરકારશ્રીની ગ્રામવિદ્યાપીઠો માટેની આચાર સંહિતા પ્રમાણે નિમણુક પામનાર કર્મચારીએ ફરજીયાત કેમ્પસમાં રહેવાનું રહેશે. લેખિત પરીક્ષા માટે લાયકાત ધરાવતા ઉમેદવારોની યાદી અને સમય પત્રક માટે વેબસાઈટ જોતા રહેવું.

**ઉમેદવારે અરજી સાથે ૧૦૦ રૂપિયા પ્રોસેસ ફીનો ડીડી આચાર્યશ્રી બી.એમ. શાહ મહાવિદ્યાલય ઝીલીઆના નામનો જોડવાનો રહેશે.**

**અરજી કરવાનું સરનામું :**
આચાર્યશ્રી / નિયામકશ્રી
બા.મ.શાહ મહાવિદ્યાલય, ઝીલીઆ
તા. ચાણસ્મા જિ. પાટણ પીન. ૩૮૪૨૨૫

Principal
B.M. Shah Mahavidyalaya
Zilia, Dist-Patan.

Scanned with CamScanner

B.M. SHAH MAHAVIDYALAYA Dist.PATAN ZILIA-384225

## જાહેરાત અને નિયમો

ગાંધી આશ્રમ ઝીલીઆ સંચાલીત અને હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ સંલગ્ન બા.મ. શાહ મહાવિદ્યાલય, ઝીલીઆમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા તારીખ ૧૨/૧૧/૨૦૨૦ના રોજ મળેલ એન.ઓ.સી. ક્રમાંક ગ્રા.વિ./NOC/૨૦/૯૨૭–૩૦ મુજબ નીચે મુજબના સ્ટાફ માટે અરજીઓ મંગાવવામાં આવે છે. (અગાઉ અરજી કરેલ હોય તો પણ ફરીથી અરજી કરવાની રહેશે.)

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | શૈક્ષણિક લાયકાત | કેટેગરી | વય મર્યાદા | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગ્રંથપાલ | ૧ (એક) | સ્નાતક અને બી.લીબ. પ્રથમ વર્ગ એમ.લીબ.ને પ્રથમ પસંદગી | બીન અનામત | ૧૮ થી ૩૫ વર્ષ | પ્રથમ પાંચ વર્ષ માટે ફીકસ પગાર |
| ૨ | ગૃહપતિ | ૧ (એક) | સ્નાતક –બી.આર.એસ.ને પ્રથમ પસંદગી | બીન અનામત | ૧૮ થી ૩૫ વર્ષ | પ્રથમ પાંચ વર્ષ માટે ફીકસ પગાર |

૧. ઉમેદવારે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૧૩/૮/૨૦૦૮ તેમજ ૧૮/૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર –૧૦–૨૦૦૭–૧૨૦૩૨૦ –ગ.૫.થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્યુટર અંગેનું બેજિક જ્ઞાન ધરાવતા હોવા અંગેનું માન્ય તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનિવીર્સટી અથવા સંસ્થમાં ડિગ્રી કે ડિપ્લોમા અથવા સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રીકે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ ૧૦ /૧૨માં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોવા જોઈએ. આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધીકારી સમક્ષ કોમ્યુટર બેજિક નોલેજની પરિક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણુંક મેળવતા પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણુક સત્તાધીકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી " રદ" કરી શકશે.

૨. નાણા વિભાગના તારીખ ૧૮/૧/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૬/પાર્ટ ૨/ઝ/૧ની જોગવાઈ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર મળવા પાત્ર થશે. વધારાના કોઈ જ ભથ્થા મળવા પાત્ર નથી.

૩. આ જગ્યાપર નિમણુંક પામનારે ગ્રામવિદ્યાપીઠ સંસ્થાના કેમ્પસ પર ફરજીયાત રહેવાનું રહેશે. અને અધીકૃત અધીકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહી.

૪. આ જગ્યા પર નિમણૂંક પામનારે સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા તા. ૨૧/૦૪/૯૪ના ઠરાવથી ગ્રામવિદ્યાપીઠોના કર્મચારી માટે નિયત થયેલ આચાર સંહિતાનું પાલન કરવાનું રહેશે.અને તે માટેનું બાંહેધરી પત્ર નિમણુક મેળવતા પહેલા આપવાનું રહેશે.

Principal
B.M. Shah Mahavidyalaya
Zilia, Dist-Patan.

Scanned with CamScanner

c/155

૫. પાંચ વર્ષ માસિક ઉચ્ચક પગારની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજૂર થયેલ પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિમણુંક આપવામાં આવશે. પરંતુ આવા ઉમેદવારે અગાઉ કરેલ પાંચ વર્ષની નોકરી સેવા વિષયક કોઈપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહી. તેમજ મંજૂર પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામાં આવશે નહી.

૬. આ જગ્યા હેઠળ નિમણુંક પામનારને નિયત પગારમાં સમાવ્યા તારીખથી સરકારશ્રીના નાણા વિભાગના તારીખ ૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક : નપન –૨૦૦૩–જીઓઆઈ–૧૦–પી તથા તેને આનુસંગીક ઠરાવોને આધીન નવ વર્ધિત પેન્શન યોજના લાગુ પાડવામાં આવશે.

૭. જો ગ્રામવિદ્યાપીઠમાં સંખ્યા ઘટે અથવા અન્ય કોઈ કારણસર ગ્રામવિદ્યાપીઠ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણુંક પામેલા કર્મચારીઓને છૂટા કરવામાં આવશે અને તેને ફાજલનું રક્ષણ મળી શકશે નહી.

૮. આ જગ્યા હેઠળ નિમણુંક પામનારને સમાન સંવર્ગના અધીકારી/કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોઈ તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં જે સમય નિયત હોય તે પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટટાઈમ નોકરી કરી શકશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારની /સંસ્થાની કામગીરીની જરૂરીયાતોને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

૯. આ જગ્યા પર નિમણુંક પામનારને પાંચ વર્ષ દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજા, જાહેર રજા અને ગ્રામવિદ્યાપીઠના વેકેશન સિવાયની કોઈ પણ પ્રકારની રજા મળવા પાત્ર થશે નહી. તે સિવાય અન્ય રજા ભોગવશે તો રજાનો પગારની કપાત કરવાની રહેશે. મહિલા કર્મચારીઓના રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવા પાત્ર થશે.

૧૦. પાંચ વર્ષના સમયગાળાના ઉચ્ચક વેતનથી નિમણુંક પામેલ કર્મચારીને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઈ હકક પ્રાપ્ત થશે નહી.

૧૧. સરકારશ્રી તરફથી વહીવટી હીતમાં બીજી કોઈ પણ જરૂરી શરતો નકકી થાય તે બંધન કર્તા રહેશે.

**શૈક્ષણિક લાયકાત :**

**૧. ગ્રંથપાલ :** સ્નાતક અને બી.લીબ. પ્રથમ વર્ગ , એમ. લીબને પ્રથમ પસંદગી

**૨. ગૃહપતિ :** સ્નાતક બી.આર.એસને પ્રથમ પસંદગી

**વય મર્યાદા :** ૧૮ થી ૩૫ વર્ષ .મહિલાઓને વધારાના પાંચ વર્ષ ની છુટછાટ મળવા પાત્ર છે.

**પરીક્ષા પધ્ધતિ :**

નિયત સમય મર્યાદામાં મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કર્યા બાદ લાયકાત ધરાવતા ઉમેદવારોની યાદી વેબસાઈટ પર મુકવામાં આવશે તેઓએ (૧)પ્રથમ ભાગમાં લેખિત સ્પર્ધાત્મક કસોટી (OMR) પધ્ધતિથી ૨૦૦ ગુણની લેવામાં આવશે. ત્યાર બાદ બીજા તબકકામાં લેખિત પરિક્ષાના પરિણામને આધારે કુલ જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોએ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કોમ્પ્યુટર કાર્ય ક્ષમતા)

Principal
B.M. Shah Mahavidyalaya
Zilia, Dist-Patan.

Scanned with CamScanner

d1157

૧૦૦ ગુણની ટેસ્ટ લેવાશે. એમ બંને કસોટીમાંથી મેળવેલ સંયુકત ગુણના મેરીટસ આધારે મેરીટ યાદી /પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

B.M. SHAH MAHAVIDYALAYA Dist.PATAN ZILIA-384225

ભાગ ૧ :

લેખિત કસોટી : (OMR) પ્રશ્નપત્ર ગુણ : ૨૦૦ સમય બે કલાક

**ગૃહપતિની જગ્યા માટે :**

| | | |
|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન–ગુજરાતનો ઈતિહાસ, ભુગોળ અને સંસ્કૃતિ,ભારતનું બંધારણ, રમતગમત, સામાન્યજ્ઞાન, ટેસ્ટ ઓફ રીઝનીગ,પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતિરાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ, ગાણિતિક કસોટીઓ | ૪૦ |
| ૨ | ગુજરાતી સાહિત્ય , ગુજરાતી વ્યાકરણ | ૨૦ |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૨૦ |
| ૪ | જગ્યાની તાંત્રિક જાણકારી અને ગ્રામવિદ્યાપીઠ શિક્ષણ, બુનિયાદી તાલીમ | ૧૨૦ |

**ગ્રંથપાલની જગ્યા માટે :**

| | | |
|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન–ગુજરાતનો ઈતિહાસ, ભુગોળ અને સંસ્કૃતિ,ભારતનું બંધારણ, રમતગમત, સામાન્યજ્ઞાન, ટેસ્ટ ઓફ રીઝનીગ,પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતિરાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ, ગાણિતિક કસોટીઓ | ૪૦ |
| ૨ | ગુજરાતી સાહિત્ય , ગુજરાતી વ્યાકરણ | ૨૦ |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૨૦ |
| ૪ | જગ્યાની તાંત્રિક જાણકારી અને ગ્રામવિદ્યાપીઠ શિક્ષણ, બુનિયાદી તાલીમ | ૧૨૦ |

**નોંધ :**

૧. સ્પર્ધાત્મક પરીક્ષા Multiple Choice Question (MCQ) અને Optical Mark Read (OMR) પધ્ધતિની રહેશે.

૨. ઉમેદવારે બધા જ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૩. દરેક પ્રશ્ન બે ગુણનો રહેશે.

૪. ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલ જવાબદીઠ કે જવાબ ન આપેલ હોય તેના મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્ક લાગુ પડશે.

૫. દરેક પ્રશ્નના જવાબમાં એક વિકલ્પ "E" Notattemped રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નના જવાબ ન આપવા ઈચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે. અને તેના માટે કોઈ નેગેટીવ માર્કસ લાગુ નહી પડે.

Principal
B.M. Shah Mahavidyalaya
Zilia, Dist-Patan.

Scanned with CamScanner

૬. સ્પર્ધાત્મક કસોટીમાં ઉર્તિણ થનાર ઉમેદવારોને ભાગ ૨ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી કસોટી માટે બોલાવવામાં આવશે. કુલ ખાલી જગ્યાના આધારે ત્રણ ગણા ઉમેદવારોને કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી કસોટી માટે બોલાવવામાં આવશે.

**ભાગ : ૨ કમ્પુટર પ્રોફીસીયન્સી કસોટી**

ગુણ :૧૦૦ સમય : ૧ કલાક

| | | |
|---|---|---|
| ૧ | ગુજરાતી ટાઈપીગ કસોટી | ૨૦ |
| ૨ | અંગ્રેજી ટાઈપીગ કસોટી | ૨૦ |
| ૩ | કમ્પુટર ઉપયોગીતાના સંદર્ભમાં પ્રેકટીકલ | ૬૦ |
| | | |

**સામાન્ય શરતો :**

૧. ગ્રામવિદ્યાપીઠો માટેની આચાર સંહિતાનો અભ્યાસ કરી તે પ્રમાણેની તૈયારી હોય તે જ અરજી કરે.

૨. ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા ઉમેદવારી જેતે સમયે જ રદ ગણાશે.

૪. સરકારીશ્રીની ભરતી માટે કોઈ પણ વિભાગ દ્વારા ગેરલાયક ઠરેલ ઉમેદવારો અરજી કરી શકશે નહી.

૫. ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલ કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણીક લાયકાત, વય, જાતી અનુભવ વિગેરેને લગતા ભવિષ્યમાં કોઈપણ સમયે ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારી ની ઉમેદવારી અને નિમણૂક રદ કરવામાં આવશે.

૬. પસંદગી પામેલ ઉમેદવારે નિમણૂક અધીકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂક મેળવવાને પાત્ર થશે.

૭. ભરતી પ્રક્રિયા અંગે રાજય સરકાર જે નિયમો ઘડે તે બંધન કર્તા રહેશે.

૮. **ઉમેદવારે અરજી સાથે ૧૦૦ રૂપિયા પ્રોસેસ ફીનો ડીડી આચાર્યશ્રી બી.એમ. શાહ મહાવિદ્યાલય ઝીલીઆના નામનો જોડવાનો રહેશે.**

૯. નિયત શૈક્ષણીક લાયકાત અને ફી સિવાયની અને સમય મર્યાદા પછી આવેલ અરજી ગ્રાહય રહેશે નહી.

**અરજી કરવાનું સરનામું :**

આચાર્યશ્રી/નિયામકશ્રી
બા.મ.શાહ મહાવિદ્યાલય, ઝીલીઆ
તા. ચાણસ્મા જિ. પાટણ પીન. ૩૮૪૨ ૨૫

Principal
B.M. Shah Mahavidyalaya
Zilia, Dist-Patan.

Scanned with CamScanner